NCS Code: 2163.0600, CCode: DS008

# ટેક્સટાઇલ ડિઝાઈનર

ટેક્સટાઈલ ડિઝાઈનર એક કલાકાર છે જે કાપડ અથવા વણાટ કરેલા કપડાંમાં બેજોડ પેટર્ન બનાવે છે. ટેક્સટાઈલ ડિઝાઈનર ઘણીવાર બજાર અને ફેશનને લગતી બાબતોનું વ્યાપક સંશોધન કરે છે અને ડિઝાઈન બનાવતી વખતે અન્ય વ્યાવસાયિકો સાથે કામ કરે છે. તેમના કામમાં કમ્પ્યુટર ડિઝાઈનનો પણ ઉપયોગ કરી શકે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છે
- તમે કમ્પ્યૂટર  પર સારી રીતે કામ કરી શકો છો
- તમે ટીમ સાથે મળીને કામ કરવામાં સહજ છો
- કામ કરતી વખતે તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ટેક્સટાઈલ ડિઝાઈનમાં સ્નાતકની (B.Design)ની ડિગ્રી પૂર્ણ કરી અને તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ટેક્સટાઈલ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૬૬૭ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Textile_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મેન્યુફેક્ચરિંગ અને પ્રોસેસિંગ કંપનીઓ કે જે કપડાં, સોફ્ટ ફર્નિશિંગ્સ અને અન્ય ટેક્સટાઈલ આધારિત પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ/જુનિયર ટેક્સટાઈલ ડિઝાઈનર → સિનિયર ટેક્સટાઈલ ડિઝાઈનર → ડિઝાઇન મેનેજર → ડિઝાઇન ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટેક્સટાઈલ, ટેક્સટાઈલ ડિઝાઈનર, ટેક્સટાઈલ ટેકનિશિયન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજિ, ગાંધીનગર
૨. મહારાજા સયાજીરાય યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન, બેંગલુરુ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન, ગાંધીનગર
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન, હરિયાણા
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ઓરો યુનિવર્સિટી, સુરત
૨. અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ
૩. પી.પી. સવાલી યુનિવર્સિટી, સુરત
૪. ઈન્ટરનેશનલ સ્કુલ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૫. ઇન્ટરનેશનલ સ્કૂલ ઑફ ડિઝાઇન, પુણે
૬. ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઇન, અમદાવાદ
૭. એમિટી સ્કૂલ ઓફ ફેશન ટેકનોલોજી, નોઈડા
૮. ઇન્ટરનેશનલ સ્કૂલ ઑફ ડિઝાઇન, દિલ્હી
૯. ઇન્ટરનેશનલ સ્કૂલ ઑફ ડિઝાઇન, હૈદરાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_de15/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**દામોદર વિઠ્ઠલદાસ ગજ્જર** ગુજરાતના ગાંધીનગર નજીકના પેથાપુર ગામમાં કારીગરોના પરિવાર સાથે સંકળાયેલા માસ્ટર કારીગર અને કલાકાર છે. તેઓ પોતાના કેનવાસ તરીકે ટસર સિલ્કનો ઉપયોગ કરીને સમકાલીન અને પરંપરાગત ડિઝાઈન બનાવે છે. શ્રી ગજ્જરે પોતાનો પેઈન્ટિંગનો અભ્યાસ ફાઇન આર્ટસ ફેકલ્ટી, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે કર્યો છે. તેમણે ટેક્સટાઇલ બ્લોક બનાવવા અને પ્રિન્ટીંગમાં ટેક્સટાઈલ ડિઝાઈનર અને માસ્ટર કારીગર તરીકે ઓળખ મેળવી. તેઓ ફાઈન આર્ટ્સ ફેકલ્ટી, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના ટેક્સટાઈલ વિભાગમાં ટીચિંગ પેનલમાં પણ હતા*.

સ્ત્રોત: https://peoplepill.com/people/d-v-gajjar

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.